For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કર્ણાવતી, ડબલ ડેકર અને સયાજીનગરી સહિત અનેક ટ્રેનોના સંચાલન પર અસર

# દ.ગુજરાતમાં ભારે વરસાદની અસર અનેક ટ્રેનોના સંચાલનમાં ફેરફાર

**ઉદવાડા-પારડી** વચ્ચે માટી ધસી પડતા ટ્રેક પ્રભાવિત, વડોદરાથી મુંબઈ જતી ટ્રેનોના સમય-રૂટમાં ફેરફાર

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી સત પડી રહેલા અતિભારે વરસાદની અસર હવે રેલવે વ્યવહાર પર પણ જોવા મળી રહી છે. ઉદવાડા-પારડી રેલખંડ પર ભારે વરસાદને કારણે ટ્રેક નજીક માટી ધસી પડવાની ઘટના બનતા પશ્ચિમ રેલવે દ્વારા સલામતીના કારણોસર અનેક ટ્રેનોનું સંચાલન અસરગ્રસ્ત થયું છે.

રેલવે પ્રશાસને જણાવ્યું કે ઉદવાડા અને પારડી સ્ટેશન વચ્ચે ટ્રેક પર માટી ધસી પડતા ટ્રેનની અવરજવરને અસ્થાયી રૂપે અસર થઈ છે. સ્થળ પર રેલવેની ટીમો દ્વારા સતત નિરીક્ષણ અને જરૂરી મરામત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ભારે વરસાદને પગલે પશ્ચિમ રેલવેએ કેટલીક મહત્વની ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરી છે. જેમાં વડોદરાના મુસાફરોને પણ અસર વર્તાય છે. અમદાવાદ-બાંદ્રા કર્ણાવતી એક્સપ્રેસને વલસાડ સુધી જ દોડાવવામાં આવશે. અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ડબલ ડેકર એક્સપ્રેસ નવસારી સુધી જ સંચાલિત રહેશે. ભુજ-દાદર સયાજીનગરી એક્સપ્રેસને સુરત સુધી શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે. પરત ફરતી ટ્રેનોના પ્રસ્થાનમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ કર્ણાવતી એક્સપ્રેસ આજે વલસાડથી ઉપડશે. ડબલ ડેકર એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલના બદલે નવસારીથી પ્રસ્થાન કરશે.

સયાજીનગરી એક્સપ્રેસ દાદરના બદલે સાંજે સુરતથી ઉપડશે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોને અપીલ કરવામાં આવી છે કે તેઓ ઘરેથી નીકળતા પહેલા પોતાની ટ્રેનનો સમય, રૂટ, સ્ટોપેજ અને હાલની સ્થિતિ અંગેની માહિતી સત્તાવાર સ્ત્રોત પરથી ચકાસી લે. ભારે વરસાદને કારણે આગામી સમયમાં પણ ટ્રેન સંચાલનમાં ફેરફાર થવાની શક્યતા હોવાથી અફવાઓ પર ધ્યાન ન આપવા સૂચના આપવામાં આવી છે. રેલવે તંત્ર દ્વારા જણાવાયું છે કે જ્યાં સુધી હવામાન અને ટ્રેકની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી સલામતીને પ્રાથમિકતા આપીને જ ટ્રેનો દોડાવવામાં આવશે.



## મુસાફરો માટે વડોદરા સ્ટેશન પર હેલ્પ ડેસ્ક કાર્યરત



વલસાડ અને તેની આસપાસના વિસ્તારમાં પડી રહેલા ભારે વરસાદના કારણે પારડી અને ઉદવાડા વચ્ચેનો રેલવે ટ્રેક ધોવાઈ જતાં ટ્રેન વ્યવહાર પર ગંભીર અસર પડી છે. ટ્રેક પર માટી ઘસી પડવા અને પાણી ભરાવાના કારણે અમદાવાદથી મુંબઈ તરફ જતી તથા આવતી વાહનવ્યવહાર સેવાઓ પ્રભાવિત થઈ છે. રેલવે તંત્ર દ્વારા સુરક્ષાના કારણોસર કેટલીક ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. મુસાફરોને કોઈ અસુવિધા કે તકલીફ ન પડે તે માટે વડોદરા રેલવે સ્ટેશન પર તાત્કાલિક સહાયતા બૂથ શરૂ કરવામાં આવ્યું છે, જ્યાંથી મુસાફરો ટ્રેનોના સમય અને રૂટ અંગેની માહિતી મેળવી શકશે, ટ્રેકનું રિપેરિંગ કામ પૂર્ણ કરી ટ્રેન વ્યવહાર તમામ ટ્રેનો રાબેતા મુજબ નિયમિત સમયપત્રક અનુસાર ચાલશે.


## બાજવા-છાણી ગરનાળું ફરી પાણીમાં ગરકાવ



સતત વરસાદને કારણે બાજવા-છાણી ગરનાળામાં કેડસમા પાણી ભરાતા અવરજવર સંપૂર્ણ બંધ થઈ ગઈ હતી. સ્થાનિકોનું કહેવું છે કે દર ચોમાસે આ સમસ્યા સર્જાય છે, છતાં કાયમી ઉકેલ આવ્યો નથી. પાણી ભરાતા લોકોને જીવના જોખમે રેલવે લાઇન ઓળંગીને જવું પડે છે. તાત્કાલિક કાયમી ઉકેલ લાવવાની માંગ ઉઠી છે.

## અલકાપુરી ગરનાળામાં ટ્રક ફસાતાં ટ્રાફિકજામ

અલકાપુરી ગરનાળામાં પ્રતિબંધ હોવા છતાં ટ્રક પસાર કરવાનો પ્રયાસ ભારે પડ્યો હતો. ગરનાળાની ઓછી ઊંચાઈને કારણે ટ્રક વચ્ચે જ ફસાઈ જતાં બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી હતી. અંતે ટ્રક ચાલકે વાહન રિવર્સમાં બહાર કાઢતાં માર્ગ પરનો વાહનવ્યવહાર ફરી સામાન્ય બન્યો હતો.



ત્રણ-ત્રણ દાયકાની અપીલો અને કાનૂની દાવપેચ બાદ પણ તંત્રનો પરાજય

# 30 વર્ષની કાનૂની લડતનો અંતઃ વડોદરા મહાનગર પાલિકાના કર્મચારીઓને રૂ. 10 કરોડ ચૂકવવા પડશે

**હાઈકોર્ટના** ચુકાદા બાદ ૭૦થી વધુ ફીલ્ડ આસિસ્ટન્ટ અને સુપરવાઇઝરને સુધારેલા પગાર ધોરણનો લાભ

**નિવૃત્ત** અને અવસાન પામેલા કર્મચારીઓના વારસદારોને પણ મળશે બાકી લેણાંની ચૂકવણી

### ૭૦થી વધુ ફીલ્ડ આસિસ્ટન્ટ અને સુપરવાઇઝરનો વિજય: VMC પર રૂ. ૧૦ કરોડનો બોજો

વડોદરા કોર્પોરેશનમાં 30 વર્ષની કાનૂની લડત બાદ ૭૦થી વધુ ફીલ્ડ આસિસ્ટન્ટ અને સુપરવાઇઝરને મોટી રાહત મળી છે. લેબર કોર્ટ અને હાઇકોર્ટે કર્મચારીઓની તરફેણમાં ચુકાદો આપ્યા બાદ ૧૯૯૬માં નક્કી થયેલું સુધારેલું પગાર ધોરણ ચૂકવવા કમિશનરે આદેશ કર્યો છે. આ નિર્ણયના લીધે કોર્પોરેશન પર રૂ. ૯ થી ૧૦ કરોડનો આર્થિક બોજો આવશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

વડોદરા મહાનગરપાલિકાના વહીવટી તંત્ર અને કર્મચારીઓ વચ્ચે છેલ્લા ત્રણ દાયકાથી ચાલી રહેલા પગાર ધોરણ અને સેવા લાભોને લગતા વિવાદનો અંત કર્મચારીઓની તરફેણમાં આવ્યો છે. હાઈકોર્ટના ચુકાદા બાદ પાલિકાને 70થી વધુ ફીલ્ડ આસિસ્ટન્ટ અને સુપરવાઈઝરને રૂ. 9થી 10 કરોડ જેટલી બાકી લેણાંની ચૂકવણી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. વર્ષો સુધી ન્યાયની રાહ જોનારા કર્મચારીઓ અને તેમના પરિવારજનોમાં આ નિર્ણયથી આનંદની લાગણી વ્યાપી છે.

આ વિવાદનો આરંભ 1990ના દાયકામાં થયો હતો. કર્મચારીઓએ આક્ષેપ કર્યો હતો કે તેમને સુધારેલા પગાર ધોરણ, ગ્રેડ-પે, ભથ્થાં અને અન્ય સેવા લાભોથી વંચિત રાખવામાં આવ્યા હતા. ન્યાય મેળવવા માટે કર્મચારી મંડળે લેબર કોર્ટમાં અરજી કરી હતી. ત્યારબાદ કેસ ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલ અને અંતે હાઈકોર્ટ સુધી પહોંચ્યો. આ દરમિયાન પાલિકા તંત્રે વિવિધ અપીલો અને કાનૂની પ્રક્રિયાઓના કારણે મામલો લાંબો ખેંચાયો હતો, છતાં કર્મચારીઓએ સતત 30 વર્ષ સુધી કાનૂની લડત ચાલુ રાખી હતી.

અદાલતે કર્મચારીઓના પુરાવા અને દલીલોને માન્ય રાખીને સ્પષ્ટ કર્યું કે વર્ષો સુધી તેમના વાજબી હકો અટકાવવામાં આવ્યા હતા, જે અન્યાય સમાન છે. કોર્ટે પાલિકાને વિલંબ કર્યા વગર તમામ પાત્ર કર્મચારીઓની બાકી રકમની ગણતરી કરી ચૂકવણી કરવાનો આદેશ આપ્યો છે. ચુકાદા મુજબ નિવૃત્ત થઈ ચૂકેલા તેમજ સેવા દરમિયાન અવસાન પામેલા કર્મચારીઓના કાયદેસર વારસદારોને પણ આ લાભ મળશે.

ચુકાદા બાદ મહાનગરપાલિકાના કાનૂની અને નાણાકીય વિભાગમાં જરૂરી પ્રક્રિયાઓ શરૂ થઈ ગઈ છે. રૂ. 9થી 10 કરોડની ચૂકવણી માટે જરૂરી આયોજન અંગે ચર્ચા ચાલી રહી છે. બીજી તરફ કર્મચારી મંડળે આ નિર્ણયને માત્ર આર્થિક જીત નહીં પરંતુ સત્ય, ધૈર્ય અને ન્યાયનો વિજય ગણાવ્યો હતો. કર્મચારીઓએ એકબીજાને મોં મીઠું કરાવી આ ઐતિહાસિક નિર્ણયની ઉજવણી કરી હતી.

એનએ પણ ના થાય તેવી જમીન બાનાખત કરી કરોડો રૂપિયાની ઠગાઈ આચરવામા આવી

# તરસાલીની સંપાદિત થયેલી જમીનની હકીકત છુપાવી કપુરાઈના બે ભાઈએ રૂ.૩.૮૫ કરોડમા સોદો કરી નાખ્યો

**વેચાણ** દસ્તાવેજ પણ કર્યો નહોતો અને ચૂકવેલી રકમ પણ પરત માંગવા છતાં નહી આપતા ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા 22

વડોદરાના તરસાલી વિસ્તારમાં સરકારી સંપાદન હેઠળ આવેલી અને કાયદાકીય રીતે બિનખેતી (એન.એ.) થઈ શકે તેમ ન હોવા છતાં કરોડો રૂપિયાનો જમીન સોદો કરી રૂ. 3.85 કરોડથી વધુની છેતરપિંડી આચરાયાનો કેસ સામે આવ્યો છે. સમગ્ર મામલે મકરપુરા પોલીસે કપુરાઈ ગામના રાજેન્દ્ર કનુ રબારી અને હિતેશ કનુ રબારી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદી ગોપાલભાઈ રબારી (રહે. સિલ્વર લિફ બંગ્લોઝ, ડભોઈ-વાઘોડિયા રિંગ રોડ)ના જણાવ્યા મુજબ, તરસાલી ગામની જમીન અગાઉથી જ સરકારી સંપાદન હેઠળ હોવાથી તેનું એન.એ. રૂપાંતર શક્ય નહોતું. તેમ છતાં આરોપીઓએ વર્ષ 2017થી જમીન વેચાણ અંગે વાટાઘાટો શરૂ કરી ખરીદદારોનો વિશ્વાસ જીત્યો હતો.

આરોપીઓએ રજિસ્ટર્ડ તેમજ નોટરાઈઝ્ડ બાનાખત કરીને જમીન વેચાણનો ભરોસો આપ્યો અને તબક્કાવાર રૂ. 3.85 કરોડથી વધુની રકમ મેળવી લીધી હતી. જોકે બાદમાં જમીનનું એન.એ. કરાવ્યું નહોતું, વેચાણ દસ્તાવેજ પણ કર્યો નહોતો અને માંગણી છતાં રકમ પરત આપી નહોતી.

પોતે છેતરાયા હોવાની જાણ થતાં ફરિયાદીએ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને આરોપીઓ સામે છેતરપિંડી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી સમગ્ર જમીન સોદા, દસ્તાવેજો અને નાણાકીય વ્યવહારોની તપાસ હાથ ધરી છે.

### આરોપીઓ સામે ઉચ્ચસ્તરીય તપાસની માગ

વડોદરામાં રૂ. 3.85 કરોડની જમીન છેતરપિંડીના ગંભીર કેસમાં મકરપુરા પોલીસે રાજેન્દ્ર કનુભાઈ રબારી, હિતેશ કનુભાઈ રબારી સહિત અન્ય સામે ગુનો નોંધ્યો છે. વર્ષ 2018થી 2020 દરમિયાન ખોટા દસ્તાવેજોના આધારે છેતરપિંડી આચરાઈ હોવાનો આક્ષેપ છે. આરોપીઓ સામે અગાઉ પણ જમીન સંબંધિત છેતરપિંડીના કેસ નોંધાયેલા હોવાનું જણાવાયું છે. તેમની તાત્કાલિક ધરપકડ અને ઉચ્ચસ્તરીય, નિષ્પક્ષ તપાસની માંગ સાથે લેખિત અરજી કરવામાં આવી છે.

### બે વખત એનએ અરજી નામંજૂર

જમીનને બિનખેતી (N.A.) કરવા 2019 અને 2020માં બે વખત અરજી કરાઈ હતી, પરંતુ બંને વખતે મંજૂરી મળી નહોતી. અધિકારીઓએ જમીનનો ભાગ સંપાદિત થયેલો હોવાનું જણાવ્યું હતું. તેમ છતાં વેચાણ સોદો કરાયો હોવાના આક્ષેપ વચ્ચે હાલ મામલો સિવિલ કોર્ટમાં પેન્ડિંગ છે.

### ૭/૧૨મા નામ દાખલ કરાવ્યું હતું

રાજેન્દ્રભાઈ રબારીએ 2019માં જમીન ખરીદી બાદ 7/12માં નામ દાખલ કરાવ્યું હતું. ત્યારબાદ 2019 અને 2020માં જમીનને એન.એ. કરવા બે વખત અરજી કરી, પરંતુ બંને વખત મંજૂરી મળી નહોતી. છતાં જમીનનો વેચાણ સોદો કરી છેતરપિંડી આચરાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

રાવપુરા પોલીસે ખાદ્ય સામગ્રીના નમૂના કબજે કરી લેબોરેટરીમાં મોકલ્યા

# રાવપુરામાં પાણીપુરી ખાવાનો ચટાકો ભારે પડ્યો, ત્રણ મહિલાને ફૂડ પોઈઝનિંગ

**કામ** અર્થે રાવપુરા આવેલી મહિલાઓએ લારી પર પાણીપુરી ખાધા બાદ ડાયરિયા અને ઉલટી ઉપડતા તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડાઈ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૨

મહિલાઓની અત્યંત પ્રિય ગણાતી અને લારીઓ પર ખાવામાં આવતી ચટાકેદાર પાણીપુરી ક્યારેક જીવનું જોખમ પણ બની શકે છે, જેની સાબિતી આપતી એક ઘટના વડોદરા શહેરમાં પ્રકાશ આવી છે. રાવપુરા વિસ્તારમાં પાણીપુરી ખાધા બાદ અચાનક તબિયત લથડતા ત્રણ મહિલાઓને સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે.

વડોદરા શહેરના વ્યસ્ત ગણાતા રાવપુરા વિસ્તારમાં આવેલા દુલીરામ પેંડાની દુકાન નજીક, રામજી મંદિર પાસે માંજલપુર તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલા સ્વામી સહજાનંદ નગરમાં રહેતી ત્રણ મહિલાઓ રાવપુરામાં પોતાના કામ અર્થે આવી હતી. કામ પૂરું થયા બાદ તેમણે રસ્તાં પર ઊભેલા ભૈયાજીની પાણીપુરીની લારી પર પાણીપુરી ખાધી હતી. પાણીપુરી ખાધાના થોડા જ સમયમાં ત્રણેય મહિલાઓને અચાનક ચક્કર આવવા લાગ્યા અને ડાયરિયા તથા ઉલટીની ગંભીર અસરો વર્તાવા લાગી હતી.

ત્રણેય પીડિત મહિલાઓને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. બીજી બાજુ, આ બનાવની જાણ થતાં જ રાવપુરા પોલીસ સ્ટેશનનો કાફલો હરકતમાં આવ્યો હતો. પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચીને પાણીપુરીના વેપારીની ખાદ્ય સામગ્રીના નમૂના કબજે કરી લીધા છે અને ગુણવત્તા ચકાસવા માટે તેને લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. શહેરમાં હાઈજિન વગર વેચાતી આવી ખાદ્ય ચીજવસ્તુઓ સામે તંત્ર દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# વિદ્યાર્થિનીને ગેરમાર્ગે દોરનાર હોસ્ટેલને કન્ઝ્યુમર કોર્ટનો દંડ




**ઓટો** ભાડા અંગે ખોટી માહિતી આપવા બદલ જીવીબા ગર્લ્સ હોસ્ટેલને 19,000 ચૂકવવાનો આદેશ

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીને કોલેજ જવા-આવવાના ઓટો રિક્ષાના ભાડા બાબતે ગેરમાર્ગે દોરવા બદલ કારેલીબાગમાં આવેલી જીવીબા ગર્લ્સ હોસ્ટેલને કન્ઝ્યુમર ફોરમે દોષિત ઠેરવી દંડ ફટકાર્યો છે.

અંકલેશ્વરની એક વિદ્યાર્થિનીએ સપ્ટેમ્બર 2022માં આ હોસ્ટેલમાં પ્રવેશ મેળવતા પહેલા હોસ્ટેલથી કોલેજ જવા રિક્ષાનું ભાડું કેટલું થશે તે અંગે પૂછપરછ કરી હતી. તે સમયે હોસ્ટેલના સ્ટાફે ભાડું 10 થી 20 જેટલું થશે તેવી જાણકારી આપી હતી. પરંતુ, જ્યારે વિદ્યાર્થિનીએ એપ દ્વારા રિક્ષા બુક કરાવી ત્યારે ભાડું 60 થી 100 જેટલું આવતું હતું. આ તફાવતના કારણે તેણે હોસ્ટેલ છોડીને એડવાન્સમાં ચૂકવેલા 35,000 રિફંડ માંગ્યા હતા. જોકે હોસ્ટેલ દ્વારા રિફંડ આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. આ મામલે વડોદરા ગ્રાહક તકરાર નિવારણ પંચમાં કેસ દાખલ કરતા કોર્ટે હોસ્ટેલને દોષિત ઠેરવી વિદ્યાર્થિનીને વળતર, માનસિક ત્રાસ અને કાનૂની ખર્ચ પેટે કુલ 19,000 ચૂકવવાનો આદેશ આપ્યો છે.

નેધરલેન્ડ, નોર્વે અને સ્પેનના વચનો આપી રૂપિયા ખંખેર્યા

# વર્ક પરમિટના બહાને આણંદના વેપારી સહિત બે લોકો સાથે રૂ.૨.૪૫ લાખની ઠગાઈ

**વિઝા ન** અપાવ્યો અને રકમ પણ પરત ન આપી

**રિધાન** ઇમિગ્રેશનની સંચાલિકા કાજલ જોષી ગલ્લાતલ્લા કરતી હોય વેપારીએ આખરે પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.22

વિદેશમાં સારી નોકરી અને આકર્ષક પગારનું સપનું બતાવી વર્ક પરમીટ વિઝા બનાવી આપવાના બસાને આણંદના વેપારી સહિત બે લોકો પાસેથી ઠગ મહિલા એજન્ટે રૂ.2.45 લાખ પડાવ્યા હતા. મહિલા એજન્ટે વર્ક પરમિટ બનાવી આપ્યું ન હતું કે ન રૂપિયા પરત ના કરતા આખરે વડોદરાની મહિલા ઈમિગ્રેશન સંચાલિકા સામે ફરિયાદ નોંધાવી છે.

આણંદ જિલ્લાના ગણેશ ચોક વિસ્તારમાં રહેતા અને શિવાય ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા સ્નેહલભાઈ દિલીપભાઈ વ્યાસે નોંધાવેલી ફરિયાદ મુજબ જુલાઈ-2025માં વડોદરાના ઈલોરાપાર્ક વિસ્તારમાં આવેલી રિધાન ઈમિગ્રેશનની સંચાલિકા કાજલ આદિત્ય જોષીની ઈમિગ્રેશનની જાહેરાત જોઈ તેઓ તેમની ઓફિસે પહોંચ્યા હતા. ત્યાં નેધરલેન્ડના વર્ક પરમિટ માટે રૂ.4 લાખનો ખર્ચ જણાવવામાં આવ્યો હતો અને પ્રક્રિયા શરૂ કરવા રૂ.50 હજાર લેવામાં આવ્યા હતા. ત્યારબાદ નેધરલેન્ડના બદલે નોર્વે અને પછી સ્પેનના વર્ક પરમિટના નામે વધુ રૂ.75 હજાર વસૂલવામાં આવ્યા હતા. જોકે કોઈપણ દેશનો વર્ક પરમિટ મેળવી આપવામાં આવ્યો નહોતો.

આ દરમિયાન વારંવાર ખાતરી આપવામાં આવતી રહી, પરંતુ વિઝા પ્રોસેસ કરી ન હતી. અંતે રૂપિયા પરત માંગતા પણ મહિલા એજન્ટ ગલ્લાતલ્લા કરતા છેતરાયા હોવાની જાણ થઈ હતી.જેથી તેઓએ તપાસ કરતા સાવલીના કિશોરકુમાર કાંતિલાલ મકવાણા સાથે પણ આ જ રીતે નેધરલેન્ડ અને નોર્વેના વર્ક પરમિટના બહાને રૂ.1.20 લાખ વડાવી છેતરપિંડી આચરવામાં આવી છે. આમ કાજલ જોશીએ બંને લોકો પાસેથી વિદેશના વર્ક પરમિટના બહાને રૂ.2.45 લાખ મેળવી વિઝા નહી બનાવી આપી છેતરપિંડી કરવામાં આવી હતી. જેથી પોલીસે મહિલા ઈમિગ્રેશન એજન્ટ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

હરણી પોલીસ સદંતર રીતે નિષ્ક્રીય હોય તેવું જણાયું

# રાત્રિ બજારમાં બે જૂથો વચ્ચે ધીંગાણું ખુરશીઓથી હુમલો; વીડિયો વાયરલ

**સામસામે** મારા મારી થતા બજારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.22

વડોદરાના રાત્રી બજારમાં બે જૂથો વચ્ચે થયેલી ઉગ્ર મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરમાં ભારે ચર્ચા જાગી છે. ઝઘડા દરમિયાન બંને પક્ષના લોકોએ એકબીજા પર ખુરશીઓ ફેંકી હુમલો કર્યો હતો. જેના કારણે બજારમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

વડોદરાના રાત્રી બજારમાં મોડી સાંજે બે જૂથો વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થતાં મામલો ઉગ્ર બન્યો હતો. થોડા જ સમયમાં બોલાચાલી મારામારીમાં ફેરવાઈ ગઈ હતી. બંને પક્ષના લોકો ખુલ્લેઆમ એકબીજા પર તૂટી પડ્યા હતા અને ખુરશીઓ ફેંકીને હુમલો કર્યો હતો. ઘટનાના કારણે આસપાસના વેપારીઓ અને લોકોમાં ગભરાટ ફેલાયો હતો, જ્યારે અનેક લોકોએ સ્થળ પરથી દોડધામ કરી હતી.

સમગ્ર ઘટનાનો વીડિયો ત્યાં હાજર લોકોએ પોતાના મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. વીડિયો વાયરલ થતાં સમગ્ર શહેરમાં ઘટનાને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. પોલીસે વાયરલ વીડિયો તેમજ અન્ય પુરાવાઓના આધારે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે. ઝઘડામાં સામેલ વ્યક્તિઓની ઓળખ કરી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. વારંવાર મોડીરાત્રી સુધી ચાલતા રાત્રિબજારમાં મારામારીના બનાવો બનતાં હોય છે ત્યારે હરણી પોલીસ સદંતર રીતે નિષ્ક્રીય હોય તેવું જણાઈ રહ્યું છે.

# આગામી ૩ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

**છેલ્લા** 24 કલાકમાં 54 મિમી વરસાદ

મહત્તમ તાપમાન ઘટીને 30.2 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 26.0 ડીગ્રી રહ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.22

વડોદરામાં વરસાદી માહોલ છવાયો છે. મંગળવારે સાંજે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો. જે બાદ બીજા દિવસે સવારથી કેટલાક વિસ્તારોમાં ઝરમર ઝરમર વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલા બુધવારના સ્થાનિક હવામાન અહેવાલ મુજબ વડોદરામાં આગામી 3 દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. જેના કારણે હવામાન વિભાગે 22 થી 24 જુલાઈ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. છેલ્લા 24 કલાકમાં વડોદરામાં 54 મિમી વરસાદ નોંધાયો છે. મહત્તમ તાપમાન 30.2 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 26.0 ડીગ્રી રહ્યું હતું. જે સામાન્ય કરતા 1.7 ડીગ્રી ઓછું છે. સવારે હવામાં ભેજનું પ્રમાણ 94% અને સાંજે 83% નોંધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી એક અઠવાડિયા સુધી વડોદરામાં ગાજવીજ સાથે વરસાદનું વાતાવરણ રહેશે.

22, 23 અને 24 જુલાઈ ગાજવીજ સાથે વરસાદ, મહત્તમ તાપમાન 32 ડીગ્રી, લઘુત્તમ 26 ડીગ્રી. આ ત્રણ દિવસ માટે હેવી રેઈનફોલની ચેતવણી આપવામાં આવી છે. 25 થી 28 જુલાઈ ગાજવીજ સાથે વરસાદ ચાલુ રહેશે. પરંતુ, કોઈ ચેતવણી આપવામાં આવી નથી. આ દરમિયાન તાપમાનમાં થોડો વધારો થઈ મહત્તમ તાપમાન 33 ડીગ્રી થી 34 ડીગ્રી અને લઘુત્તમ 27 ડીગ્રી રહેવાની શક્યતા છે.

લાંબી રાહનો અંતઃ ચૂંટણી પ્રક્રિયા શરૂ, સહકારી વર્તુળોમાં રાજકીય ગરમાવો

# વડોદરા ડેરીમાં સત્તાનો જંગ ૪ ઓગસ્ટે, પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીનો આખરે વાગ્યો શંખનાદ

**ડેપ્યુટી** કલેક્ટર ઐશ્વર્યા દુબે ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત, ઉમેદવારોની ગતિવિધિઓ તેજ




(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

લાંબા સમયથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે વડોદરા ડેરીના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીની તારીખ આખરે જાહેર કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ આ ચૂંટણી 4 ઓગસ્ટે યોજાશે, જેને લઈને સહકારી અને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા માટે ડેપ્યુટી કલેક્ટર ઐશ્વર્યા દુબેને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા હાથ ધરાશે.

વડોદરા ડેરીના પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દા માટે યોજાનારી આ ચૂંટણીને લઈ વિવિધ જૂથોમાં રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. ચૂંટણીની સત્તાવાર જાહેરાત બાદ ઉમેદવારો અને સમર્થકો દ્વારા જીત માટેની રણનીતિ ઘડવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે.

સહકારી ક્ષેત્રમાં મહત્વ ધરાવતી વડોદરા ડેરીની આ ચૂંટણી પર સમગ્ર જિલ્લાના રાજકીય અને સહકારી આગેવાનોની નજર મંડાયેલી છે. હવે 4 ઓગસ્ટે યોજાનારી ચૂંટણીમાં ડેરીના સુકાનની જવાબદારી કોના હાથમાં આવશે તેના પર સૌની નજર રહેશે.